# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 23-01-2025** **Morning : 7.10 to 7.20**
**Day : THURSDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **સિમ્પલ ઠક્કર** વાંચે છે.

---

1) **ગૃહ મંત્રી અમિત શાહ આજે રાજ્યની એક દિવસની મુલાકાતેઃ અમદાવાદમાં હિન્દુ આધ્યાત્મિક અને સેવા મેળાનું ઉદ્ઘાટન કરશે**
2) **જંત્રી દર ઓછા કરવા માટે 6753 અને વધારવા માટે 1755 અરજીઓ આવી**
3) **રાજ્ય વિધાનસભાનું અંદાજપત્ર સત્ર 19 ફેબ્રુઆરીથી 28 માર્ચ સુધી યોજાશે**
4) **સુરતમાં રમાઈ રહેલી ટેબલ ટેનિસ સ્પર્ધામાં ગુજરાતની ટીમને કાંસ્ય ચંદ્રક**
5) **સુરતની અનવી ઝાંઝરૂકિયાને દિલ્હી ખાતે પ્રજાસત્તાક પર્વની ઉજવણીમાં ભાગ લેવા વિશેષ આમંત્રણ**

-----------------------------------------------------------------------------------------

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)
(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

# MID BREAK- NEWS- REGIONAL

**આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ - વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.**

ગોન્ગ મ્યુઝિક

......................................

ડેસ્ક

# AMIT SHAH GUJARAT

કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી અમિત શાહ આજે ગુજરાતનાં એક દિવસના પ્રવાસે આવી રહ્યાં છે. તેઓ અમદાવાદ અને સુરતમાં વિવિધ કાર્યક્રમોમાં ઉપસ્થિત રહેશે તેમજ કેટલીક વિકાસ પરિયોજનાનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કરશે.

પ્રસ્તુત છે આ અંગેનો અહેવાલઃ

## (VOICE CAST ANIL PATEL)

ગૃહ મંત્રી અમિત શાહ આજે સવારે અમદાવાદમાં ગુજરાત યુનિવર્સિટી મેદાન ખાતે હિન્દુ આધ્યાત્મિક અને સેવા મેળાનું ઉદ્ઘાટન કરશે ત્યાર બાદ તેઓ સુરતમાં શ્રી બાબુલાલ રૂપચંદ શાહ મહાવીર કેન્સર હોસ્પિટલ અને શ્રી કુલચંદભાઈ જયકિશનદાસ વખારિયા સેનેટોરિયમનું ઉદ્ઘાટન કરશે ..

સુરતના કાર્યક્રમ બાદ તેઓ અમદાવાદ મહાનગર પાલિકા અને રેલવે દ્વારા નિર્મિત ડી-કેબિન અંડરપાસ અને ચૈનપુર અંડરપાસનું ઉદ્ઘાટન કરશે. આજે સાંજે ચાર વાગે શ્રી શાહ જળ સંચય અભિયાન અંતર્ગત રાણીપ વોર્ડની અદ્વૈત સોસાયટીમાં પરકોલેટીંગ વેલનો શિલાન્યાસ કરશે.

ત્યારબાદ તેઓ રાણીપ વોર્ડમાં આરસીસી બોક્સ ડ્રેનેજનું ખાતમુહૂર્ત કરીને AMCના વિવિધ વિકાસ કાર્યોનું લોકાર્પણ અને ખાતમુર્હૂત કરશે. પ્રવાસના અંતે તેઓ CIMS રેલ્વે ઓવરબ્રિજ નીચે બનેલા રમત ગમત સંકુલનું ઉદઘાટન કરશે.

અનિલ પટેલ, આકાશવાણી સમાચાર અમદાવાદ

# JANTRI VANDHA ARJI

રાજ્ય સરકારે પ્રસિદ્ધ કરેલી મુસદ્દારૂપ જંત્રી અંગે લોકો દ્વારા બે મહિનામાં ૧૧ હજારથી વધુ વાંધા સૂચનો મળ્યા છે. જેમાંથી ૫૪૦૦ જેટલા શહેરી વિસ્તારમાંથી જ્યારે ૫૬૦૦થી વધુ ગ્રામ્ય વિસ્તારમાંથી આવ્યા છે.

પ્રવક્તા મંત્રી ઋષિકેશ પટેલે જણાવ્યું હતું કે, જંત્રી દર ઓછા કરવા માટે  ૬૭૫૩ , જંત્રી દર વધારવા માટે ૧૭૫૫, સર્વે નંબર ખોટા વેલ્યુ ઝોનમાં સમાવેશ કરવા ૯૪, સર્વે નંબરનો સમાવેશ જંત્રીમાં થયેલ ન હોય તેવી ૨૬૮  અને ૨૧૭૬ જેટલા અન્ય વાંધા – સૂચનોની અરજી રાજ્ય સરકારને મળી છે.

સૌથી વધારે અમદાવાદ જિલ્લામાંથી ૨,૧૭૯અને સૌથી ઓછી તાપી જિલ્લામાંથી કુલ ૦૭ જેટલી વિવિધ વાંધા-અરજી મળી છે.

આ વાંધા – સૂચનોની ચકાસણી જિલ્લા કક્ષાએ નાયબ કલેકટર, સ્ટેમ્પ ડ્યુટી દ્વારા કરવામાં આવશે. આ પ્રક્રિયા ૧૫ દિવસમાં પૂર્ણ કરવામાં આવશે એમ શ્રી પટેલે જણાવ્યું હતું.

# MAHAKUMBH TRAIN MP DEMAND

મહેસાણાના સાંસદ હરિભાઈ પટેલે રેલવે મંત્રી અશ્વિની વૈષ્ણવને પ્રયાગરાજના મહાકુંભ માટે ટ્રેન અને કોચ વધારવા માગ કરી હતી. અમદાવાદ વાયા મહેસાણા થઈ પ્રયાગરાજ માટે વિશેષ ટ્રેન શરૂ કરાતા સાંસદશ્રીએ રેલવે મંત્રીનો આભાર વ્યક્ત કર્યો હતો.

## (બાઈટઃ હરિભાઈ પટેલ, સાંસદ, મહેસાણા)

# RAILWAY SPECIAL TRAIN

મુસાફરોની માગને ધ્યાનમાં લઈને પશ્ચિમ રેલવે બે ખાસ ટ્રેન ચલાવી રહી છે. બંને ટ્રેન અમદાવાદ અને બાંદ્રા ટર્મિનસ વચ્ચે દોડશે. આ અંગે અમદાવાદ રેલવે ડિવિઝનના જનસંપર્ક અધિકારી અજય સોલંકીએ વધુ માહિતી આપી હતી.

**(બાઇટ: અજય સોલંકી – જનસંપર્ક અધિકારી –રેલવે ડિવિઝન)**

# NAGARPALIKA ELECTION

રાજ્યમાં ગ્રામ પંચાયત, તાલુકા પંચાયત, પાલિકા સહિતની ચૂંટણી માટે તૈયારી શરૂ કરવામાં આવી છે.

ત્યારે પોરબંદર જિલ્લાના રાણાવાવ અને કુતિયાણા નગરપાલિકાની ચુંટણી આગામી 6 ફેબ્રુઆરીએ યોજાશે. જયારે રાણાવાવ તાલુકા પંચાયતની રામગઢ 10 નંબરની સીટ માટે 16મી ફેબ્રુઆરીના રોજ ચૂંટણી યોજાશે. 18મી ફેબ્રુઆરીના મત ગણતરી કરવામાં આવશે.

# KUVARJI BAVALIYA

ગુજરાતના જળ સંપત્તિ અને પાણી પુરવઠા મંત્રી કુંવરજીભાઈ બાવળીયા આજે રાજકોટ જિલ્લાના પ્રવાસે છે. તેઓ આજે સવારે ૯.૩૦ વાગ્યે સિંચાઇ પંચાયત વર્તુળ કચેરી ખાતે સિંચાઇ અને પાણી પુરવઠા વિભાગની કામગીરીની સમીક્ષા હાથ ધરશે.

# Gujarat Tablaue

નવી દિલ્હીમાં 76મા પ્રજાસત્તાક દિવસની રાષ્ટ્રીય કક્ષાની ઉજવણીમાં વિવિધ રાજ્યો દ્વારા અલગ અલગ થીમ આધારિત ટેબ્લો રજૂ કરવામાં આવશે. ટેબ્લોમાં રજૂ થનારા સાંસ્કૃતિક કાર્યક્રમોની સ્પર્ધા 21મી જાન્યુઆરીએ દિલ્હી ખાતે યોજાઈ હતી જેમાં ગુજરાતના પ્રચલિત 'મણિયારા રાસ નૃત્ય'ને ત્રીજો ક્રમ મળ્યો હતો. ગુજરાતના ટેબ્લો સાથે આવેલા કલાકારો દ્વારા સાંસ્કૃતિક પરફોર્મન્સ રજૂ કરવામાં આવ્યું હતું.

આ સ્પર્ધામાં ગોવા પ્રથમ ક્રમે અને ઉતરાખંડ બીજા ક્રમે વિજેતા બન્યું હતું. સ્પર્ધાનું આયોજન કેન્દ્રીય સંરક્ષણ મંત્રાલય દ્વારા કરવામાં આવ્યું હતું.

# GANDHINAGAR NIFT

ગાંધીનગર ખાતે રાષ્ટ્રીય ફેશન ટેકનોલોજી સંસ્થાન - NIFTનો 40મો સ્થાપના દિવસ ઉજવાયો. આ પ્રસંગે NIFT ગાંધીનગરના નિયામક પ્રો. ડૉ. સમીર સૂદે સંસ્થાની સર્વાંગી વિકાસ, સાંસ્કૃતિક જોડાણ અને ટકાઉપણું પ્રત્યેની પ્રતિબદ્ધતા પર પ્રકાશ પાડ્યો. તેઓએ વધુમાં આ મુજબ જણાવ્યું.

## (બાઇટ: ડૉ. સમીર સૂદ- નિયામક, NIFT)

# TABLE TENNIS

સુરત ખાતે આયોજિત નેશનલ ટેબલ ટેનિસ સ્પર્ધામાં ગુજરાતની મહિલા ટીમે કાંસ્ય ચંદ્રક મેળવ્યો. સેમિફાઇનલમાં પી.એ.પી.બી.ની ટીમે, ગુજરત ટીમને 3-0 હરાવી હતી.

યુટીટી 86 મી સિનીયર નેશનલ ઇન્ટર સ્ટેટ ટેનિસ ચેમ્પીયનશિપ 2024 માં ગુજરાત ટીમે કાંસ્ય ચંદ્રક સાથે સતોષ માનવો પડ્યો. પી.એસ.પી.બી. માટે યશસ્વીની ધોરપડે ,રીથ રિષયા અને સયાલી વાણીના જોરદાર પ્રદશને ટીમને જીત આપવી હતી.

# ANVI ZANZRUKIYA

“રબ્બર ગર્લ ઓફ ઇન્ડિયા” તરીકે જાણીતી સુરતની અન્વી વિજય ઝાંઝરૂકિયાને 26 જાન્યુઆરીના રોજ દિલ્હી ખાતે આયોજિત પ્રજાસત્તાક પર્વની રાષ્ટ્રીય ઉજવણીના કાર્યક્રમમાં આમંત્રિત તરીકે ઉપસ્થિત રહેવા માટે પ્રધાનમંત્રી કાર્યાલય તરફથી આમંત્રણ મળ્યું છે. આ કાર્યક્રમમાં “મન કી બાત”માં ઉલ્લેખ કરાયેલા પ્રતિભાશાળી વ્યક્તિઓને આમંત્રિત કરવામાં આવ્યા છે.

નરથાણ સ્થિત સંસ્કારકુંજ જ્ઞાનપીઠની વિદ્યાર્થીની અન્વીએ તેના યોગ અભિયાન સહિતની વિશિષ્ટ સિદ્ધિઓથી ગુજરાતનું ગૌરવ વધાર્યું છે.

અન્વીને રાષ્ટ્રપતિ એવોર્ડ, પ્રધાનમંત્રી રાષ્ટ્રીય બાળ પુરસ્કાર અને ગુજરાત ગરિમા પુરસ્કાર મળી ચૂક્યા છે. અન્વી દ્વારા શરૂ કરાયેલ “કરો યોગ રહો નિરોગ” અભિયાન  લોકોને યોગ તરફ પ્રોત્સાહિત કરી રહ્યું છે.

# CM RAM MANDIR

અયોધ્યા ખાતે રામમંદિર પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવની પ્રથમ વર્ષગાંઠ પ્રસંગે શ્રી વાત્સલ્ય ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા ગઈ કાલે અમદાવાદ ખાતે આયોજિત 'રામ રાત્રિ' કાર્યક્રમમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ ઉપસ્થિત રહ્યા હતા.

મુખ્યમંત્રીએ શ્રીરામની આરતી ઉતારીને આશીર્વાદ મેળવ્યા હતા. કાર્યક્રમમાં લોક ડાયરા અને સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

# CIVIL HOSPITAL – MULAKAT SANSAD

રાજયસભા સાંસદ ડો.જશવંતસિંહ પરમારે ગોધરાના ચંચોપા ગામ ખાતે 20 એકરમાં 522 કરોડનાં ખર્ચે નિર્માણાધિન સિવિલ હોસ્પિટલ અને મેડીકલ કોલેજની મુલાકાત લીધી હતી અને પ્રગતિ હેઠળ કામની સમીક્ષા કરી હતી.

ઉલ્લેખનીય છે આ હોસ્પિટલમાં અત્યાધુનિક મશીનોથી સજજ 7 ઓપરેશન થિયેટર,5 આઈ.સી.યુ વોર્ડ,અધ્યતન લેબોરેટરી અને 430 બેડની સુવિધા ઉપલબ્ધ થશે. પરિણામે પંચમહાલ જિલ્લાના દર્દીઓને અમદાવાદ, વડોદરા સારવાર અર્થે જવું પડે નહીં.

આ નવીન મેડીકલ કોલેજમાં વિદ્યાર્થીઓ માટે લેકચર થિએટર, વિશાળ લાઇબ્રેરી તથા સ્પોર્ટસ સંકુલની સુવિધા ઉપલબ્ધ કરાવવામાં આવશે.

# DABAN DUR

રાજકોટના ધોરાજી તાલુકાના છત્રાસા ગામમા અંદાજે ૩.૭૦ કરોડ રકમની ૧.૧૮ લાખ ચોરસ મીટરથી વધુ જમીન પરથી વહીવટી તંત્ર દ્વારા દબાણ દૂર કરાયું હતુ.

જિલ્લા કલેકટરે  ગૌચર સર્વે નંબર ૫૦૩ પૈકી જમીનમાં ખેતીને લગતું દબાણ તથા પાકા મકાનના ફરતે કંપાઉન્ડ વોલ/ઓરડીઓ મળી  અંદાજે કુલ ૧,૧૮,૪૦૦ ચોરસ મીટર જમીનમાં વાવેતર અને બાંધકામ કરી દબાણ કરેલ હતું જે દબાણ ગઇકાલે દૂર કરાયુ હતુ.